પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૦૭ | ૭ ઓક્ટોબર, ૨૦૨૨, શુક્રવાર; આસો સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# વિશ્વમાં ગોળીબારની બે ઘટના : ૫૨ના મોત

## મેક્સિકોના સિટી હોલમાં ગોળીબાર : થાઈલેન્ડની પ્રી-સ્કૂલમાં અંધાધૂધ ગોળીબાર

**મેક્સિકોના સિટી હોલમાં ગોળીબાર, મેયર સહિત ૧૮ લોકોના મોત : ગોળીબારની ઘટનામાં બદમાશોએ ખતરનાક હથિયારોનો ઉપયોગ કર્યો : મરનારા લોકોમાં મેયર પણ સામેલ છે : થાઈલેન્ડરની પ્રી-સ્કૂલમાં અંધાધૂધ ગોળીબારમાં ૨૨ બાળકો સહિત ૩૪નાં મોત : થાઈલેન્ડમાં પૂર્વ પોલીસ અધિકારીનું ક્રૂર કૃત્ય : દેશના ઉત્તરપૂર્વમાં નોંગ બુઆ લામ્ફુમાં પત્ની અને બાળકની પણ હત્યા કર્યા બાદ હુમલાખોરે પોતાને પણ ગોળી મારી લીધી : ઘટનાથી લોકોમાં ગભરાટ**

મેક્સિકો,તા.૬

મેક્સિકોમાં ફરી એક વાર ખૂની સંઘર્ષ જોવા મળ્યો છે. મેક્સિકોના સૈન મેગુલ ટોટોલેપનમાં આવેલ સિટી હોલમાં બદમાશોએ અંધાધૂંધ ગોળીઓ વરસાવી હતી. ગોળીબારની ઘટનામાં લગભગ ૧૮ લોકોના મોત થયા છે. મરનારા લોકોમાં મેયર પણ સામેલ છે. જ્યારે આ ગોળીબાર થયો તો, સિટી હોલ અને તેની આજૂબાજૂમાં અફરાતફરી મચી ગઈ હતી. જો કે, કહેવાય છે કે, આ ગોળીબારમાં મરનારા લોકોની સંખ્યામાં વધારો થઈ શકે છે. આ ઘટના પાછળનું કારણ હજૂ સુધી સામે આવ્યું નથી. ગોળીબારની ઘટનાના સમયે સિટી હોલમાં મોટી સંખ્યામાં લોકો હાજર હતા. બુધવારે સાંજે થયેલી આ ગોળીબારની ઘટનામાં બદમાશોએ ખતરનાક હથિયારોનો ઉપયોગ કર્યો છે. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. તેમાં સિટી હોલમાં મોટી સંખ્યામાં લોહીથી લથબથ લાશો પડી દેખાય છે. તેની સાથે જ ઈમારતમાં અંધાધૂંધ ગોળીઓ બાદ જે રીતે કાણા પડેલા છે, તે પણ જોઈ શકાય છે. સ્થાનિક મીડિયા અનુસાર, કહેવાય છે કે, ઘટનામાં મરનારા લોકોની સંખ્યા વધી શકે છે. પણ સોશિયલ મીડિયા પર આવેલા વીડિયોમાં અને તસ્વીરોમાં સ્પષ્ટ થયુ છે કે, ૧૮ જ લાશ છે, જે બહાર પડેલી દેખાય છે. તેના આધાર પર અત્યાર સુધીમાં ૧૮ મોતની પુષ્ટિ થઈ છે. મરનારા લોકોમાં શહેરના મેયર કોનરાડો મેનડોઝા, તેના પિતા, પૂર્વ મેયર ઝુઆન મેનડોઝા અને ૭ મ્યૂનિસિપલ પોલીસ ઓફિસર સામેલ છે. સિટી હોલમાં ફાયરિંગ સાથે આજૂબાજૂના વિસ્તારમાં બસો અને વાહનોમાં આગ લગાવી દીધી હતી.

**વિશ્વમાં એક જ દિવસમાં અંધાધૂંધ ગોળીબારની બે ઘટના બનતા હાહાકાર**

જ્યારે બીજી એક ઘટના થાઈલેન્ડમાં બનવા પામી હતી. થાઈલેન્ડમાં પ્રી-સ્કૂલમાં થયેલા ગોળીબારમાં ઓછામાં ઓછા ૩૪ લોકોના મોત થયા હોવાના અહેવાલ મળી રહ્યાં છે. જેમાંથી ૨૨ બાળકો હતા. એક પૂર્વ પોલીસ અધિકારીએ પ્રી-સ્કૂલ ચાઈલ્ડ ડેકેયર સેન્ટરમાં આ ગોળીબાર કર્યો છે. મળતી માહિતી પ્રમાણે દેશના ઉત્તરપૂર્વમાં નોંગ બુઆ લામ્ફુમાં હુમલા બાદ હુમલાખોરે પોતાને પણ ગોળી મારી દીધી છે અને આ પહેલા તેણે પોતાની પત્ની અને બાળકની પણ હત્યા કરી હતી. આ ઘટનાથી થાઈલેન્ડના લોકો ડરી ગયા છે.

આ ઘટનાની માહિતી આપતા પોલીસે જણાવ્યુ કે, મૃતકોમાં બાળકો અને પુખ્ત વયના લોકો પણ સામેલ છે. હુમલાખોરે બાળકો અને પુખ્ત વયના લોકો પર ગોળીબાર કર્યો,ચાકુથી હુમલો પણ કર્યો હતો. મળતી માહિતી પ્રમાણે હુમલાખોરે પોતાને પણ ગોળી મારી દીધી છે અને આ પહેલા તેણે પોતાની પત્ની અને બાળકની પણ હત્યા કરી હતી. આ ઘટનાથી થાઈલેન્ડના લોકો ગભરાટમાં છે.

આ હુમલો કરનારા ભૂતપૂર્વ પોલીસકર્મીને નશીલી દવાઓના કારણોસર નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા હતા. ડિસ્ટ્રિક્ટ ઓફિસર ઝિદાપા બૂન્સોમ રાયટરે જણાવ્યું કે, જ્યારે હુમલાખોર ડેકેરમાં આવ્યો ત્યારે બપોરના ભોજનનો સમય હતો અને લગભગ ૨૦ બાળકો કેન્દ્રમાં હતા.

આ હુમલાખોરે પહેલા આઠ મહિનાની ગર્ભવતી શિક્ષક સહિત ચાર કે પાંચ કર્મચારીઓને ગોળી મારી હતી. પહેલા લોકોને લાગ્યું કે આ આતશબાજીનો અવાજ છે.

રાષ્ટ્રીય પોલીસના પ્રવક્તા અચયોં ક્રૈથોંગે જણાવ્યું હતું કે, આ ઘટના નોંગ બુઆ લામ્ફુ પ્રાંતમાં બની હતી. પ્રવક્તાના જણાવ્યા અનુસાર ઓછામાં ઓછા ૩૧ લોકોના મોત થયા હોવાના અહેવાલ છે. હુમલાખોરની શોધખોળ ચાલુ છે.










# સોનિયા ગાંધી કર્ણાટકમાં ભારત જોડો યાત્રામાં જોડાયા

**કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ કાર્યક્રમમાં સામેલ થયા : સોનિયા ગાંધી એવા સમયે કોંગ્રેસની પદયાત્રામાં જોડાયા છે જ્યારે પાર્ટીમાં અધ્યક્ષ પદ માટે ઘમાસાણ મચેલું છે**



બેંગલુરૂ, તા.૬

કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધી આજે કર્ણાટક ખાતે ભારત જોડો યાત્રામાં સામેલ થયા છે. તેઓ કર્ણાટકના માંડ્યા ખાતે રાહુલ ગાંધીની આગેવાનીમાં યોજાઈ રહેલી પદયાત્રામાં સામેલ થયા હતા. કોંગ્રેસની આ પદયાત્રા આજે પાંડવપુરાથી નાગમંગલા તાલુકા સુધી જશે. સોનિયા ગાંધી ઘણાં લાંબા સમય બાદ કોઈ સાર્વજનિક કાર્યક્રમમાં સામેલ થયા છે. પોતાના અંગત સ્વાસ્થ્યના કારણોસર તેઓ છેલ્લી કેટલી ચૂંટણીના પ્રચારમાં નહોતા જોડાયા. ભારત જોડો યાત્રાની શરૂઆત વખતે તેઓ વિદેશમાં પોતાની સારવાર કરાવી રહ્યા હતા. તે સમયે તેમની માતાનું પણ અવસાન થયું હતું. બુધવારે સોનિયા ગાંધીએ રાહુલ સાથે દશેરાની ઉજવણી કરી હતી. સોનિયા મૈસુર જિલ્લાના એચડી કોટે તાલુકામાં કાબિની બંધના બેકવોટર પાસે એક રિસોર્ટમાં રોકાયા હતા. ત્યાં દશેરાના વિરામ દરમિયાન રાહુલે તેમની મુલાકાત લીધી હતી. ત્યાર બાદ રાહુલ અને સોનિયા કાબિની ફોરેસ્ટ સફારી પણ ગયા હતા.

# તામિલનાડુમાં ચિલ્ડ્રન હોમમાં ફૂડ પોઈઝનિંગથી ત્રણ બાળકનાં મોત

**ડિનરમાં રસમ અને લાડુ સાથે ભાત મિક્સ કરીને જમ્યા ૧૧ બાળકો સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરાયા**

તિરુપ્પુર, તા.૬

તમિલનાડુના તિરુપ્પુરમાં એક ચિલ્ડ્રન હોમમાં ભોજનના ફૂડ પોઈઝનિંગના કારણે કથિત રીતે ૩ બાળકોના મોત થઈ ગયા છે અને ૧૧ બાળકો સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ છે. દાખલ કરવામાં આવેલા તમામ બાળકોની સારવાર ચાલી રહી છે. તંત્ર દ્વારા ઘટનાના કારણોની તપાસ કરવામાં આવી રહી છે.

બાળકોએ બુધવારે ડિનરમાં 'રસમ' અને લાડુ સાથે ભાત મિક્સ કરીને જમ્યા હતા. તેમાંથી કેટલાકને ઉલ્ટી થઈ ગઈ હતી. ગુરુવારે સવારે તેમણે નાસ્તો કર્યો હતો અને તેમની તબિયત બગડી હતી અને કેટલાક બેહોશ થઈ ગયા હતા.

૩ બાળકોને આઈસીયુમાં એડમિટ કરવામાં આવ્યા છે. જોકે, હાલમાં ચાઈલ્ડ કેર હોમમાંથી કોઈ નિવેદન આપવામાં નથી આવ્યું. હોસ્પિટલની મુલાકાતે આવેલા તિરુપ્પુર જિલ્લા કલેક્ટર એસ વિનીથે જણાવ્યું હતું કે, ફૂડ પોઈઝનિંગના પ્રારંભિક અહેવાલો બાદ સેમ્પલ એકત્રિત કરવામાં આવ્યા હતા અને પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. અધિકારીના જણાવ્યા પ્રમાણે મામલાની તપાસ ચાલી રહી છે. જે તે જવાબદાર સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તેમ અધિકારીએ જણાવ્યું હતું.

# ૧૩૦ ટ્રેનોના તમામ વર્ગમાં ભાડામાં તોતિંગ વધારો થયો

**તહેવારોના સમયે રેલવેના મુસાફરો પર મોંઘવારીનો માર : એસી-૨,૩, ચેરકારમાં ૪૫ રૂપિયા અને સ્લીપર શ્રેણીમાં ૩૦ રૂપિયા પ્રતિ યાત્રી ભાડું વધારી દેવામાં આવ્યું**

નવી દિલ્હી, તા.૬

રેલવેએ સમગ્ર દેશની ૧૩૦ મેલ-એક્સપ્રેસ ટ્રેનોને સુપરફાસ્ટનો દરજ્જો આપીને તમામ શ્રેણીઓના ભાડામાં જંગી વધારો કરી દેવાયો છે. જેના હેઠળ ટ્રેનોના એસી-૧ અને એક્ઝિક્યુટીવ શ્રેણીમાં ૭૫ રૂપિયા પ્રતિ મુસાફર, એસી-૨,૩, ચેરકારમાં ૪૫ રૂપિયા અને સ્લીપર શ્રેણીમાં ૩૦ રૂપિયા પ્રતિ યાત્રી ભાડુ વધારી દેવાયુ છે.

આ પ્રકારે મુસાફરને એક પીએનઆરની બુકિંગમાં એસી-૧માં ૪૫૦ રૂપિયા, એસી-૨,૩ માં ૨૭૦ અને સ્લીપરમાં ૧૮૦ રૂપિયા મુસાફરને વધારાની ચૂકવણી કરવી પડશે. આ વ્યવસ્થા એક ઓક્ટોબરથી લાગુ કરી દેવાઈ છે.

જોકે, આ તમામ ટ્રેનોમાં ખાણી-પીણી, મુસાફર સુરક્ષા અથવા સુવિધાઓમાં કોઈ પ્રકારની વૃદ્ધિ કરવામાં આવી નથી. આમાં એક પૈસા ખર્ચ કર્યા વગર રેલવેએ તમામ શ્રેણીઓમાં ભાડુ વધારી દીધુ છે. રેલવે નિયમ અનુસાર ૫૬ કિલોમીટર પ્રતિકલાકની સરેરાશ રફતાર પર ચાલનારી ટ્રેનોને ટાઈમ ટેબલમાં સુપરફાસ્ટનો દરજ્જો આપવામાં આવે છે.

વિશેષજ્ઞોનુ કહેવુ છે કે ભારતીય રેલવે ૪૫ વર્ષથી ટ્રેનોની સરેરાશ રફતાર વધારવામાં નિષ્ફળ રહી છે. જેમાં ચાર દાયકાથી મેલ-એક્સપ્રેસ ટ્રેનોની સરેરાશ રફતાર ૫૦થી ૫૮ કિમી પ્રતિકલાક છે જ્યારે રેલવેની પ્રીમિયમ રાજધાની, શતાબ્દી, દુરંતો ટ્રેન વગેરેની સરેરાશ રફતાર ૭૦-૮૫ કિમી પ્રતિકલાક છે. ૧૫-૨૦ ટકા ટ્રેનો ક્યારેય પણ નિર્ધારિત ટાઈમ પર પહોંચતી નથી. ૬૦ ટકા ટ્રેનો ૧૫-૨૦ મિનિટ મોડા પહોંચે છે.

રેલવેએ નવા ટાઈમ ટેબલ ૨૦૨૨-૨૩માં મોટી સંખ્યામાં પેસેન્જર ટ્રેનોને મેલ-એક્સપ્રેસનો દરજ્જો આપ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# હિમાચલ, ઉત્તરાખંડ, યુપીમાં હજુ બે દિવસ વરસાદની આગાહી

**દેશના મોટા ભાગોમાં વરસાદ પડી રહ્યો છે : પૂર્વી અને ઉત્તર ભારતમાં ૪ દિવસ સુધી ભારે વરસાદ**

નવી દિલ્હી, તા.૬

દેશના મોટા ભાગોમાં વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગનું અનુમાન છે કે, ઉત્તર-પશ્ચિમ અને મધ્ય ભારતમાં હજુ પણ વરસાદ ચાલું છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશમાં આગામી ૨ દિવસ સુધી વરસાદ પડશે.

બીજી તરફ હવામાન વિભાગનું કહેવું છે કે, પૂર્વી અને ઉત્તર ભારતમાં આગામી ૪ દિવસ સુધી ભારે વરસાદ પડી શકે છે. આ ઉપરાંત ૬ ઓક્ટોબર સુધી હળવાથી મધ્યમ વરસાદ પડશે. પશ્ચિમ બંગાળ, ઝારખંડ, બિહાર અને મધ્યપ્રદેશ તથા છત્તીસગઢમાં પણ મધ્યમ વરસાદનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. બિહાર, સિક્કિમ, ઓડિશાના ઘણા વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ૭ ઓક્ટોબર સુધી ગાજ-વીજ સાથે ભારે વરસાદ પડવાની ભવિષ્યવાણી કરવામાં આવી છે અને એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં લોકોએ ઘરથી બહાર નીકળવાથી બચવું જોઈએ. પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં પણ ૭ ઓક્ટોબર સુધી વરસાદનું અનુમાન લગાવવામાં આવ્યું છે. રાજધાની દિલ્હીમાં પણ વાદળ છવાયા છે અને આગામી ૨૪ કલાકમાં વરસાદની ગતિવિધિ શરૂ થઈ શકે છે.

ગાંધીનગર સ્ટાર સિંગર બનવાની તક ઝડપી લેવાનું ચૂકી ન જવાય...



ગાંધીનગર સ્ટાર સિંગર એવોર્ડ

ગાંધીનગરમાં પ્રથમવાર ગીત ગાયન સ્પર્ધા

ઈન્ડિયન્સ લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગર

નેશનલ ચેરમેન વિઝીટ સમારોહ

પ્રથમ વિજેતાને ગાંધીનગર સ્ટાર સિંગર એવોર્ડ

ઉપરાંત અઘઘ ઈનામોની વણઝાર

આજે છેલ્લો દિવસ

ગુજરાત પ્રવાસન નિગમના સહયોગથી

રઢિયાળી રાત પૂનમની..

(ગીત-ગાયન સ્પર્ધા) (ઓરકેસ્ટ્રા અને કેરાઓકે)

સ્પર્ધામાં ભાગ લેવા અને નિયમોની જાણકારી માટે

સંપર્ક : રાધેશ્યામભાઈ યાદવ (નેશનલ જોઈન્ટ સેક્રેટરી) - 97230 23092 અને જ્યોતિબેન મેઘનાની (પ્રોજેક્ટ ડાયરેક્ટર) - 95120 01634